# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વ્યારા ખાતે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની ૧૭મી બેઠક યોજાઈ

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ–ન્યુ દિલ્હી દ્વારા પુરૂસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી–નવસારી દ્વારા સંચાલિત તાપી જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર ખાતે તા. ૩૧/૦૧/૨૦૨૦ના રોજ સત્તરમી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં આઈ.સી.એ.આર., અટારી, પુનાના વૈજ્ઞાનિકશ્રી, માન. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી, નાયબ ખેતી નિયામકશ્રી, તાપી જિલ્લા, આત્મા પ્રોજેકટ ડાયરેકટરશ્રી–તાપી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી–તાપી, નાયબ પશુપાલન નિયામકશ્રી–તાપી, આર.એફ.ઓ., વ્યારા તથા NGOના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. સી. ડી. પંડયા એ સ્વાગત પ્રવચન કરી આ વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજવા અંગેનું તાત્પર્ય સમજાવ્યું હતું. ત્યારબાદ ગત વર્ષની SAC મીટીંગમાં કરવામાં આવેલ સૂચનોનો એકશન ટેકન, વાર્ષિક અહેવાલ અને આગામી વર્ષના આયોજિત પ્લાનના અહેવાલનું ડૉ. સી. ડી. પંડયા તથા કેવિકેના જુદા જુદા વિષયના વૈજ્ઞાનિકો દ્વારા પોતાના વિભાગોનું પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યું હતું. વૈજ્ઞાનિક સલાહકાર સમિતીની બેઠકમાં હાજર પ્રગતિશીલ ખેડૂતો તથા તમામ સભ્યશ્રીઓ દ્વારા ખેડૂતોને આવતી સમસ્યાઓ તથા તેના નિરાકરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમના અધ્યક્ષ માન. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી ડૉ. જી. આર. પટેલએ ખેડૂતોને નવી ખેતપેદાશોના યોગ્ય માર્કેટીંગ અંગે માહિતગાર કર્યા હતા. તેમજ વૈજ્ઞાનિકોને વિસ્તરણ પ્રવૃત્તિઓ હજુ વધુ સારી રીતે કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. અંકુશ આઈ. કાંબલે, વૈજ્ઞાનિક, આઈ.સી.એ.આર., અટારી, પુના દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં પ્રવર્તમાન કાર્યોની પ્રસંશા કરી હતી તથા કોન્ટાકટ ફાર્મિંગ તથા માર્કેટીંગ અને મોસમ બદલાવની ખેતી પર થતી અસર અંગે ચર્ચા કરી ખેડૂતોને માર્ગદર્શ આપ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાની તાલીમ થકી સક્ષમ પ્રગતિશીલ મહિલા ઉદ્યોગસાહસિક ઈન્દુબેન ગામીત, કપુરા (હર્બલ હેર ઓઈલ), શીલાબેન ચૌધરી, બોરખડી (નાળિયેરના રેસામાંથી વિવિધ આર્ટીકલની બનાવટ), રક્ષાબેન ચૌધરી, બોરખડી (નાળિયેરના રેસામાંથી વિવિધ આર્ટીકલની બનાવટ), હસુમતીબેન ગામીત, બોરખડી (નાળિયેરના રેસામાંથી વિવિધ આર્ટીકલની બનાવટ), અંજનાબેન ગામીત (મશરૂમ ખેતી)નું માન. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી તથા ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. બેઠક પૂર્ણ થયા બાદ ઉપસ્થિત મહાનુભાવોએ પ્રગતિશીલ ખેડૂતોના પ્રદર્શિત કરવામાં આવેલ સ્ટોલ અને કેવિકે ઈન્સ્ટ્રકશનલ ફાર્મની મુલાકાત લઈ સરાહના કરી હતી.

કાર્યક્રમના અંતે પ્રો. એ. જે. ઢોડિયા, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા આભાર વિધી કરવામાં આવી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. કે. એન. રણા, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા કરવામાં આવ્યું હતું.


KRISHI VIGYAN KENDRA
Navsari Agricultural University, Vyara, Dist. Tapi.
EVENTEENTH SCIENTIFIC ADVISORY COMMITTEE MEETING
Date:- 31/01/2020


KRISHI VIGYAN KENDRA
Navsari Agricultural University, Vyara, Dist. Tapi.
EVENTEENTH SCIENTIFIC ADVISORY COMMITTEE MEETING
Date:- 31/01/2020


KRISHI VIGYAN KENDRA
Navsari Agricultural University
Vyara, Dist. Tapi.
ADVISORY
MEETING








નાળિયેરના રેસામાંથી આર્ટીકલ્સ અને
પગલુછણિયાંની બનાવટ
: સંપર્ક :
સત કૈવલ મહિલા મંડળ


નાળિયેરના રેસામાંથી આર્ટીકલ્સ અને
પગલુછણિયાંની બનાવટ
: સંપર્ક :
સત કૈવલ મહિલા મંડળ
શીલાબેન ચૌધરી-મો.
રક્ષાબેન ચૌધરી-મો.
હસુમતિબેન ગામીત-મો.
માર્ગદર્શક: કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
ગુજરાત માટીકામ કલાકારી અને